# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદમાં છેલ્લા ચારથી પાંચ મહિનાથી ગ્રાન્ટ 'અધ્ધરતાલ' રહેતા આચાર્યોને ખિસ્સામાંથી પગાર ચૂકવવાની નોબત**

# આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા ગ્રાન્ટ ફાળવવામાં 'ઠાગાઠૈયા'

**સફાઈ કામદારોના** પગાર અટકતા શાળાઓમાં ગંદકીનો ખતરો




(પ્રતિનિધિ) આણંદ તા.22

રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી દર મહિને 'શાળા સ્વચ્છતા ગ્રાન્ટ' ફાળવવામાં આવે છે. જોકે, આણંદ જિલ્લામાં છેલ્લા ચાર થી પાંચ મહિનાથી આ ગ્રાન્ટની ફાળવણીમાં ભારે વિલંબ થતાં શાળાઓમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે. ગ્રાન્ટ ન મળવાના કારણે સફાઈ કામદારોને પગાર ચૂકવી શકાયો નથી, જેના કારણે હવે શાળાઓમાં સફાઈ કામગીરી ગમે ત્યારે બંધ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

આણંદની શાળાઓના આચાર્યોમાં વ્યાપેલા ગણગણાટ મુજબ, દર વર્ષની જેમ આ વર્ષે પણ માર્ચ મહિનો આવી ગયો હોવા છતાં ગ્રાન્ટ હજુ સુધી મળી નથી. ગ્રાન્ટના અભાવે સફાઈ કર્મીઓનો પગાર અટકી પડ્યો છે. કેટલીક શાળાઓમાં તો પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે, આચાર્યોએ પોતાના અંગત ખર્ચે એટલે કે ખિસ્સામાંથી નાણાં કાઢીને સફાઈ કર્મીઓનો પગાર કરવાની ફરજ પડી રહી છે જેથી શાળામાં ગંદકી ન ફેલાય. જો આગામી દિવસોમાં આ ગ્રાન્ટ ત્વરિત ફાળવવામાં નહીં આવે, તો સફાઈ કર્મીઓ કામ છોડી દેશે અને શાળાઓમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાશે, જેનાથી વિદ્યાર્થીઓના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થઈ શકે છે.

### માર્ચ પૂરો થવા આવ્યો છતાં ગ્રાન્ટના ઠેકાણા નથી

સામાન્ય રીતે માર્ચ મહિનો નાણાકીય વર્ષનો અંતિમ મહિનો હોય છે, ત્યારે આણંદ જિલ્લામાં હજુ સુધી સ્વચ્છતા ગ્રાન્ટની ફાળવણી ન થતા તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઉભા થયા છે. ગ્રાન્ટ મળશે કે કેમ? તે અંગે પણ શિક્ષણ જગતમાં અનેક તર્ક-વિતર્ક વ્યાપ્યા છે.

### ફાળવવામાં આવતી ગ્રાન્ટ પણ ખૂબ જ ઓછી

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા જાળવવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ તે ખૂબ જ ઓછી હોવાની ફરિયાદો ઉઠી છે. આ ગ્રાન્ટમાં પ્રથમ 100 વિદ્યાર્થીવાળી શાળાને ફક્ત રૂ. એક હજાર મળે છે. તેવી જ રીતે 101થી 300 સુધી રૂ.1800, 301થી 500 સુધી રૂ.ચાર હજાર અને 501થી વધુ હોય તેવી શાળાને રૂ. 5000 ફાળવવામાં આવે છે.

### ઉમરેઠમાં કારમાં આગ લાગતાં અન્ય બે વાહનો પણ લપેટમાં આવ્યાં



ઉમરેઠન બસ સ્ટેન્ડ પાસે હાઈવે પર પાર્ક કરેલી એક ઇકો કારમાં અચાનક આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. આ આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું કે બાજુમાં પાર્ક કરેલી વેગનઆર અને અન્ય એક કાર સહિત નજીકમાં પડેલો લાકડાનો સામાન પણ તેની ઝપેટમાં આવી ગયો હતો. આ ઘટનાની જાણ થતા જ ઉમરેઠ પાલિકાના ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, સાવચેતીના ભાગરૂપે વીજ વિભાગ દ્વારા આસપાસનો વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો, જ્યારે પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ થાળે પાડી હતી. **તસવીર : ધનંજય શુકલ**

# બોરસદમાં બાઈક આડે ગાય ઉતરતા અકસ્માત:વૃદ્ધનું મોત

**ખાનપુર - ચુવા** રોડ પર અકસ્માતમાં વિરસદના વૃદ્ધે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.22

બોરસદના ખાનપુર - ચુવા રોડ પર નહેર પાસે પુરપાટ ઝડપે જતી મોટરસાયકલ આડે અચાનક ગાય ઉતરી આવતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વૃદ્ધનું મોત નીપજ્યું છે. આ અંગે વિરસદ પોલીસે ગુનો નોંધ્યો હતો.

વિરસદના સરદાર આવાસમાં રહેતા કનુભાઈ પરષોત્તમભાઈ પટેલ (ઉ.વ.65) તેમના પડોશી રીપેશ ચંદુભાઈ પરમાર સાથે બાઈક (નંબર GJ 23 DS 6833) પર સવાર થઈને બોરસદ જવા નીકળ્યા હતા. આસમયે બાઈક રીપેશભાઈ ચલાવી રહ્યા હતા. તેઓ ખાનપુર - ચુવા રોડ પર આવેલી નહેર પાસે પહોંચતા અચાનક એક ગાય રસ્તામાં આડી ઉતરતા ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં બાઈક પરથી પટકાતા કનુભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી, તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે બોરસદ સીએચસી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના ભત્રીજા અશ્વિનભાઈ પટેલે બાઈક ચાલક રીપેશભાઈ પરમાર સામે ગફલતભરી રીતે વાહન ચલાવવા બદલ વિરસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### બોરીયાવી પાસે અકસ્માતમાં યુવાનનું મોત

કણજરીમાં ખાનગી કંપનીમાં નોકરી પૂરી કરી પરત ફરી રહેલા વિપુલ અર્જુનભાઈ રાઠોડ (ઉ.વ.23)ની મોટરસાયકલને બોરીયાવી ઓવરબ્રિજ પર અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ અકસ્માતને પગલે વિપુલને ગંભીર ઇજા પહોંચતા આસપાસના લોકો અને 108ની મદદથી યુવાનને તાત્કાલિક નડીયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોએ વિપુલને મૃત જાહેર કરતા પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. આ મામલે મૃતકના મોટાભાઈ કિરીટ રાઠોડની ફરિયાદને આધારે આણંદ રૂરલ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સારસા ગામમાં નકલી ડોક્ટર ક્લિનિક ચલાવતો પકડાયો

તબીબી ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા શખસ પાસે 47,401નો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) આણંદ, તા.22

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સારસા ગામમાં પાટીદાર ધર્મશાળા પાસે ધમધમતા એક નકલી ડોક્ટરના ક્લિનિક પર દરોડો પાડી તેના ગોરખધંધાનો પર્દાફાશ કર્યો છે.

આણંદના સારસામાં ડિગ્રી વગરનો ડોક્ટર ક્લિનિક ચલાવતો હોવાની બાતમી મળતા આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વ્હેરાખાડી તાલુકા હેલ્થ ઓફિસરને સાથે રાખીને ઓચિંતી તપાસ માટેનો પ્લાન તૈયાર કર્યો હતો. આ તપાસ દરમિયાન પાટીદાર ધર્મશાળાની બાજુમાં 'જય મા ક્લિનિક' નામનું દવાખાનું ધમધમતું મળી આવ્યું હતું.

પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ જ્યારે ક્લિનિકમાં પ્રવેશી ત્યારે ત્યાં ટેબલ-ખુરશી પર બેસીને પ્રેક્ટિસ કરતો બિનોય બિશ્વનાથ બિસ્વાસ (ઉ.વ. 34, રહે. સારસા) ઝડપાયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં તેની પાસે તબીબી પ્રેક્ટિસ માટેના કોઈ પણ માન્ય પ્રમાણપત્રો કે ડિગ્રી ન હોવાનું બહાર આવ્યું હતું. આ તપાસ દરમિયાન ક્લિનિકના ટેબલ પરથી સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન અને વિવિધ એલોપેથિક દવાઓ મળી આવી હતી. આ કાર્યવાહીમાં લોકલ ક્રાઈમ બ્રાંચે કુલ 47,401ની કિંમતનો આ તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ નકલી ડોક્ટર વિરુદ્ધ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

# નડિયાદના કોલેજ રોડ પર ઝાડી ઝાંખરાના સામ્રાજ્યથી હાલાકી

**નહેરથી ફતેપુરા** રીંગ રોડ પર વૃક્ષોની ડાળીઓ ઝૂકી પડતા રસ્તો સાંકડો બન્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.19

નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા કોલેજ રોડ નહેરથી ફતેપુરા રીંગ રોડ તરફના માર્ગ પર બંને બાજુ ઉગી નીકળેલા તોતિંગ વૃક્ષો અને ઝાડી-ઝાંખરાને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ સોસાયટી વિસ્તારો અને ફતેપુરા ગામને જોડતો હોવાથી સતત અવરજવરથી ધમધમતો રહે છે, પરંતુ વનસ્પતિના અતિક્રમણને કારણે અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી આ માર્ગ પરના નડતરરૂપ વૃક્ષોની છટણી કરવામાં આવી નથી. પરિણામે, વૃક્ષોની ડાળીઓ રોડ પર ઝૂકી રહી છે, જેના કારણે સામેથી આવતા વાહનો જોવામાં ચાલકોને ભારે મુશ્કેલી પડે છે. ખાસ કરીને વળાંક પર દ્રશ્યતા (visibility) ઓછી થવાથી ગંભીર અકસ્માત થવાની શક્યતા રહેલી છે. રોડની કિનારીઓ પર ઉગી નીકળેલા ઝાંખરાને કારણે વાહનચાલકોએ મજબૂરીવશ રોડની વચ્ચે વાહન ચલાવવું પડે છે, જેનાથી ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે.

વધુમાં, રાત્રિના સમયે પૂરતા પ્રકાશના અભાવે આ નડતરરૂપ ડાળીઓ વાહનચાલકોને દેખાતી નથી, જે ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે જીવનું જોખમરૂપ બની છે. આ પરિસ્થિતિને પગલે દરરોજ અવરજવર કરતા વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા સત્વરે આ માર્ગ પર નડતરરૂપ ડાળીઓ અને ઝાડી-ઝાંખરાનું ટ્રિમિંગ (છટણી) કરવામાં આવે તેવી લોકમાગણી ઉઠી છે.

# આણંદ: સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે જિલ્લા ભાજપની બેઠક યોજાઈ

**પ્રભારી વર્ષાબેન** દોશીની અધ્યક્ષતામાં મંત્રીઓ, સાંસદ અને ધારાસભ્યોએ રણનીતિ ઘડાઈ



(પ્રતિનિધિ) આણંદ, તા.22

આણંદ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની સામાન્ય ચૂંટણી-2026ના પૂર્વ આયોજનના ભાગરૂપે જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી વર્ષાબેન દોશીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સંગઠનના પદાધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચૂંટણીલક્ષી માર્ગદર્શન અને આગામી કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આણંદ જિલ્લા ભાજપનું વરિષ્ઠ નેતૃત્વ આ વિશેષ બેઠકમાં ઉપસ્થિત રહ્યું હતું.

આ બેઠકમાં આણંદ જિલ્લા સંગઠન પ્રમુખ સંજયભાઈ પટેલ, કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, સાંસદ મિતેષભાઈ પટેલ તેમજ સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલ અને ખંભાતના ધારાસભ્ય ચિરાગભાઈ પટેલે હાજરી આપી હતી. આ ઉપરાંત પૂર્વ સાંસદ લાલસિંહ વડોદિયા સહિત હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

આ બેઠક દરમિયાન સંગઠનને પાયાના સ્તરથી મજબૂત કરવા અને આગામી ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા માટેના લક્ષ્યાંકો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**વહીવટી નિષ્કાળજી બદલ તાલુકા વિકાસ અધિકારીએ નોટિસ ફટકારી**

# જંત્રાલના શોપિંગ સેન્ટર મામલે સરપંચ સહિત 13 સભ્યને નોટિસ

**ગુજરાત** પંચાયત અધિનિયમની કલમ ૨૫૩ હેઠળ કાર્યવાહી કરાશે

(પ્રતિનિધિ) બોરસદ તા.22

બોરસદ તાલુકાના જંત્રાલ ગામે દિલ્હી ચકલા તરફના રોડ પાસે બનાવાયેલ શોપિંગ સેન્ટર મામલે તાલુકા વિકાસ અધિકારીએ કડકપણે કાર્યવાહી હાથ ધરી છે. જંત્રાલ ગ્રામ પંચાયતના સરપંચ ઈશ્વરભાઈ મગનભાઈ ઠાકોર સહિત પંચાયતના તમામ 12 સભ્યોને નોટિસ ફટકારી છે, બિનઅધિકૃત રીતે પચાવી પાડેલી દુકાનોનો કબ્જો તાત્કાલિક ખાલી કરાવવા કડક સૂચના આપી છે.



મળતી માહિતી મુજબ, જંત્રાલ ગામના દિલ્હી ચકલા રોડ વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા 10 દુકાનોનું શોપિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે. નિયમ મુજબ આ દુકાનો ભાડા પટ્ટે આપી પંચાયતની આવકમાં વધારો કરવાનો હોય છે. પરંતુ, પંચાયત દ્વારા કોઈપણ સત્તાવાર ફાળવણી વગર જ કેટલાક શખ્સોએ આ દુકાનો પર ગેરકાયદે કબ્જો કરી ધંધો શરૂ કરી દીધો હતો. જેનાથી પંચાયતને મળવાપાત્ર મોટી આવકનું નુકસાન થયું છે.

બોરસદ તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે સ્પષ્ટ જણાવ્યું છે કે શોપિંગ સેન્ટરમાં ગેરકાયદેસર રીતે ધંધો કરતા ઈસમો પાસેથી તાત્કાલિક દુકાનો ખાલી કરાવવી. અને ખાલી કરાવ્યા બાદ તમામ દુકાનોની નિયમ મુજબ ફાળવણીની કાર્યવાહીનો અહેવાલ 4 દિવસમાં તાલુકા પંચાયત કચેરીએ રજૂ કરવા જણાવાયું છે.

નોટિસમાં વધુમાં જણાવાયું છે કે, પંચાયતની મિલકતોની જાળવણીમાં નિષ્કાળજી દાખવવા બદલ ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 253 મુજબ પંચાયત સામે કેમ કાર્યવાહી ન કરવી? તેવો ખુલાસો પણ માંગવામાં આવ્યો છે.

# કણજરીમાં દૂધના વેપારી સાથે 88,599ની ઠગાઈ

**'આર્મી ઓફિસર'** બનીને ડિજિટલ પેમેન્ટ અને ઓર્ડરના બહાને ઠગે કળા કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

નડિયાદ તાલુકાના કણજરી ગામમાં મિલ્ક પાર્લર ચલાવતા એક વેપારીને લશ્કરી અધિકારી તરીકે ઓળખ આપી એક અજાણ્યા શખ્સે વિશ્વાસમાં લઈ, તેમના બેન્ક ખાતામાંથી હજારો રૂપિયા બારોબાર ઉપાડી લીધા હોવાની ઘટના બની છે.

કણજરીના સ્ટેશન રોડ પર વ્યવસાય કરતા મહંમદ રફીક વ્હોરાને એક શખ્સે ફોન કરી પોતાની ઓળખ મિલેટ્રી કર્નલ સતિષકુમાર તરીકે આપી હતી. તેણે બાકરોલની કોલેજમાં ચાલતા એનસીસી કેમ્પ માટે 40 લીટર દૂધ અને 10 કિલો દહીંનો ઓર્ડર આપ્યો હતો. માલનો જથ્થો કોલેજ કેમ્પસ મોકલી આપ્યા બાદ પેમેન્ટ માટે ઠગબાજે ક્યુઆર કોડમાં ટેકનિકલ ખામી હોવાનું બહાનું કાઢ્યું હતું. બાદ વેપારીના પુત્રને વિડિયો કોલ કરી ગૂગલ પે એપમાં કેટલીક વિગતો ભરાવી વિશ્વાસઘાત કર્યો હતો.

ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ વેપારીના ખાતામાં રહેલા 91,717માંથી 88,599 કપાઈ ગયા હતા અને માત્ર 3,118 બાકી રહ્યા હતા. બેન્કમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ નાણાંથી કોઈ અજાણ્યા ક્રેડિટ કાર્ડનું બિલ ભરાઈ ગયું છે. આ અંગે સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કર્યા બાદ હવે વડતાલ પોલીસે મોબાઈલ નંબરના આધારે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વીરપુર-બાલાસિનોર માર્ગ પર અંધકાર દૂર: નવી LED લાઈટો ઝગમગી

**ગ્રામ પંચાયત** દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી 90 વિજ પોલ પર એલઇડી લગાડવામાં આવી

(પ્રતિનિધિ) વીરપુર તા.22

મહીસાગર જિલ્લાના વીરપુર પંથકમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે પર છેલ્લા કેટલાક સમયથી વ્યાપેલા અંધકારના સામ્રાજ્યનો અંત આવ્યો છે. વીરપુરની અંબિકા સોસાયટીથી વિરાજી સર્કલ સુધીના મુખ્ય માર્ગ પર બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોને ગ્રામ પંચાયત દ્વારા નવી ટેકનોલોજી સાથે ફરી શરૂ કરવામાં આવતા રાહદારીઓ અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

વીરપુર-બાલાસિનોર મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા દિવસોથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હોવાને કારણે રાત્રિના સમયે પસાર થવું જોખમી બની ગયું હતું. માર્ગ પર અંધારું હોવાને કારણે અકસ્માતની શક્યતાઓ વધી હતી અને સાથે જ અસામાજિક તત્વોને મોકળાશ મળતી હોવાની ચિંતા સ્થાનિક લોકોમાં વ્યાપી હતી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિરપુર ગ્રામ પંચાયત દ્વારા ત્વરિત અને પ્રશંસનીય પગલાં ભરવામાં આવ્યા છે.

ગ્રામ પંચાયત દ્વારા ક્રેનની મદદથી આશરે 90 જેટલા વિજ પોલ પર નવી એલઈડી લાઈટો નાખવામાં આવી છે. આ ઉપરાંત, અગાઉની બંધ પડેલી લાઈટોનું પણ જરૂરી સમારકામ કરીને તેને કાર્યરત કરવામાં આવી છે. પંચાયતની આ ઝડપી કામગીરીને પરિણામે સમગ્ર સ્ટેટ હાઈવે ફરીથી પ્રકાશિત થઈ ઉઠ્યો છે.

રાત્રિના સમયે મુસાફરી હવે વધુ સુરક્ષિત બનતા સ્થાનિક રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતના આ વિકાસલક્ષી અભિગમ અને ત્વરિત કામગીરીની સ્થાનિકોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225